અપીલ અરજી નં.૭૩ તા.૧૮–૬–૦૯/૧૦

અરજદારઃ શ્રી રમેશ કે. જાંગીડ

સામાવાળાઃ ડે.કમિશ્નર (૫અનેઈ) અને જાહેર માહિતી અધિકારી (કતારગામાઝોન)

## ફરીયાદની હકીકતઃ–

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી રમેશ કે. જાંગીડની તા.૨૯–૪–૦૯ ની અરજીથી **A/** પારસ સોસાયટી નં.૨૮/૨૯ , ધારનાથ બિલ્ડીંગ કતારગામ, **B/** પારસ સોસાયટી નં.૫૩/૫૪, શાંતિકનક બિલ્ડીંગ કતારગામ મારૂતી ફલેટ,માનસરોવર ત્રણ રસ્તા,કોસાડ રોડ, અમરોલી બાંધકામ બાબતે કોઈવિકાસ પરવાનગી આપેલ છે કે કેમ? જો આપી હોયતો તેની નકલો અને જો આપવામાં આવી ના હોય તો અત્યાર સુધીમાં બાંધકામ ધારકો વિરૂધ્ધશી કાર્યવાહી કરી તેની નકલો સહિત માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૧૮–૬–'૦૯ ની અપીલ અરજી નં.૭૩/૨૦૦૯–૧૦

શ્રી રમેશ કે. જાંગીડની તા.૨૯–૪–૦૯ ની અરજીથી **A/** પારસ સોસાયટી નં.૨૮/૨૯ , ધારનાથ બિલ્ડીંગ કતારગામ, **B/** પારસ સોસાયટી નં.૫૩/૫૪, શાંતિકનક બિલ્ડીંગ કતારગામ મારૂતી ફલેટ,માનસરોવર ત્રણ રસ્તા,કોસાડ રોડ, અમરોલી બાંધકામ બાબતે કોઈવિકાસ પરવાનગી આપેલ છે કે કેમ? જો આપી હોયતો તેની નકલો અને જો આપવામાં આવી ના હોય તો અત્યાર સુધીમાં બાંધકામ ધારકો વિરૂધ્ધ શી કાર્યવાહી કરી તેની નકલો સહિત માહિતી આપવા બાબતે ડે.કમિશ્નર (૫ અને ઈ) અને જાહેર માહિતી અધિકારી કતારગામ ઝોનના પત્ર નં.નોર્થઝોન/આઉટ/ ૧૩૩૧ તા.૪–૬–૦૯ થી માંગેલ માહિતી પૈકી પારસ સોસાયટી નં.એ/૨૮,૨૯ પર 'ધારનાથ બિલ્ડીંગ તથા બી /૫૩,૫૪ પર શાંતીકનક બીલ્ડીંગની માહીતી ખોટી આપી હોવાનુ જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧ ૮–૬–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નકલ તથા નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૩૦૭ તા.૩૦–૬–૦૯ થી ડે.કમિશ્નર (૫અનેઈ) અને જાહેર માહિતી અધિકારી (કતારગામાઝોન) તથા જાહેર માહિતી અધિકારી ધ્વારા આપેલ માહિતી ખોટી હોવાના વિરોધી દાવા અંગે સમર્થનમાં આધાર પુરાવા અને વાજબીપણું રજૂ કરવા અરજદારને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી અત્રેના વિભાગને કોઈ પૂરક વિગતો મળેલ નથી. જયારે અરજદારે પણ પાઠવેલ પત્રના સંદર્ભે માહિતી ખોટી હોવાના દાવા અંગેના સમર્થનમાં અપીલ તબકકે તક આપવા છતાં કોઈ આધાર રજૂ કરેલ નથી.

અરજદારની તા.૨૯–૪–૦૯ ની અરજીથી **A/** પારસ સોસાયટી નં.૨૮/૨૯ , ધારનાથ બિલ્ડીંગ કતારગામ, **B/** પારસ સોસાયટી નં.૫૩/૫૪, શાંતિકનક બિલ્ડીંગ કતારગામ મારૂતી ફલેટ,માનસરોવર ત્રણ રસ્તા,કોસાડ રોડ, અમરોલી બાંધકામ બાબતે કોઈવિકાસ પરવાનગી આપેલ છે કે કેમ? જો આપી હોયતો તેની નકલો અને જો આપવામાં આવી ના હોય તો અત્યાર સુધીમાં બાંધકામ ધારકો વિરૂધ્ધ શી કાર્યવાહી કરી તેની નકલો સહિત માહિતી માંગતી અરજી કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતીઅધિકારી તરફથી નોર્થઝોન/આ.નં.૧૩૩૧ તા.૪–૬–૦૯ થી અરજદારને અરજી હેઠળની પારસ સોસાયટી અને શાંતિકનક બિલ્ડીંગ વાળી મિલ્કતોમાં હાલ કોઈ વિકાસ પરવાનગી આપવામાં આવેલ નથી. સદર બાંધકામો વસવાટવાળા જૂના બાંધકામ હોવાની માહિતી આપેલ તથા મારુતિ ફલેટવાળી મિલ્કતોમાં અમરોલી સર્વે નં.૧૮ માં આવેલ હોવાનું જણાવી સુડાના તા.૧૯–૩–૮૭ ના પત્રથી વિકાસ પરવાનગી અંગે રજાચિઠ્ઠી આપ્યાની માહિતી આપેલ જણાય છે. તથા સદર મિલ્કતદારો ધ્વારા મંજુર પ્લાન વિરુધ્ધ કરેલ બાંધકામ તા.૧૭–૨–૦૯ ના રોજ દુર કર્યાની માહિતી આપી નિયત દસ્તાવેજ ફી ભરપાઈ કર્યેથી પ્લાન તથા કરેલ કાર્યવાહીની નકલો આપવા તૈયારી પણ દર્શાવેલ જે અન્વયે અરજદારે રૂા.૨૦૦/– તા.૬–૬–૦૯ ના રોજ ભરેલ જણાય છે. તેની સામે અરજદારે શાંતિકનક બિલ્ડીંગવાળી મિલ્કતો એક થી દોઢ વર્ષ પહેલા ઉભા કરેલ હોવા છતાંય સદર બાંધકામો વસવાટવાળા અને જુના બાંધકામો હોવાનું જણાવી ખોટી માહિતી આપ્યાની રજૂઆત કરેલછે. પરંતુ તેના દાવાના સમર્થનમાં કોઈ આધાર અરજી સાથે કે અપીલ તબકકે રજૂ કરેલ નથી. આમ અરજદારને માહિતી અધિકાર અધિનિયમની કલમ–૨(એફ) અને (જે) અનુક્રમે માહિતી અને માહિતી અધિકારની વ્યાખ્યાના જોગવાઈ હેઠળ જાહેર સત્તા મંડળ પાસે અથવા નિયંત્રણ હેઠળની ભૌતિક સ્વરૂપે ઉપલબ્ધ માહિતી પૈકીની માહિતી પુરી પાડવાની જોગવાઈ છે. જે માહિતી અરજદારને પૂરી પાડવામાં આવેલ છે.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

"અરજદારની તા.૨૯–૪–૦૯ ની અરજીના અનુસંધાને માંગવામાં આવેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી ઉપલબ્ધ દફતર આધારીત માહિતી અરજદારને પૂરી પડાયેલ હોઈ અપીલ સંબંધે કોઈ હુકમ કરવાનો રહેતો નથી અને અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

પાછળ

તેમ છતાં અરજદાર ઈચ્છુક હોય તો વિવાદ હેઠળના શાંતિકનક બિલ્ડીંગની મિલ્કત બાબતે વિકાસ પરવાનગી અંગે જાહેર માહિતી અધિકારી કક્ષાએથી નિભાવેલ રજીસ્ટરની દફતરી તપાસણી કરવા ઈચ્છુક હોય તો જાહેર માહિતી અધિકારીનો દિન–૭ માં આગોતરો સમય મેળવી તપાસણી કરી શકે છે. જે અંગે આરટીઆઈ એકટની કલમ–૭(૩) સાથે નિયમ–૫ (બી) થી ઠરાવેલ ફી અરજદારે ભરપાઈ કરવાની રહેશે. અરજદાર તરફથી તેવી માંગણી થયે હુકમની અમલવારી કરી તેની જાણ અત્રે કરવા ડે.કમિશ્નર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી કતારગામઝોનને જણાવવામાં આવે છે.

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૭ –૦૯.

ડે.***કમિશ્નર(જનરલ),***
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

પ્રતિ,
(૧) ડે.કમિશ્નર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી ,કતારગામ ઝોન ,.......જાણ તથા અમલ માટે.
(૨) શ્રી રમેશ કે. જાંગીડ,એફ–૨, પટેલ પાર્ક, તાડવાડી, રાંદેર રોડ, સુરત.. તેઓની અપીલ અરજી અંગે ઉપરની વિગતેના હુકમ દ્વારા કરવામાં આવેલ નિકાલ સબબ જાણ સારૂં.